# પ્રાંતિજમાં ફ્રૂટની લારી ચલાવતા વેપારી પર અસ્ત્રા વડે હુમલો

## મફતમાં ફ્રુટ માંગતા વેપારીએ ફ્રુટ ન આપતા ઈસમે અસ્ત્રાના બે-ત્રણ ઘા ઝીંકી ઈજાઓ પહોંચાડી

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ નજીક ભરચક વિસ્તારમાં ફ્રુટની લારીવાળાએ ફ્રુટ આપવાની ન પાડતા ફ્રુટ લેવા આવેલ શખ્સે લારીવાળાના શરીર પર અસ્ત્રા વડે હુમલો કર્યો હતો. જેથી લારીવાળાને લોહીયાળ ઈજાઓ થવા પામી હતી. હુમલાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પ્રાંતિજ સિનેમા પાસે આવેલ દેવી પૂજક મહોલ્લામાં રહેતા રાજુભાઈ નટુભાઈ વાઘેલા રહે છે. અને વર્ષોથી ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે ફ્રુટની લારી રાખી ધંધો રોજગાર મેળવી પોતાનું અને પરિવારજનોનું ગુજરાન ચલાવે છે. દરમિયાન આજે પણ સવારે નિયત સ્થળ પર ફ્રુટની લારી લાવી ધંધો કરતા હતા ત્યારે રાત્રિના સમયે પ્રાંતિજનો જ અયુબમીયા નામના શખ્સે ફ્રુટની લારીવાળા રાજુભાઈ પાસે આવીને બે કેળા માંગતા બે કેળા ખાવા માટે આપ્યા હતા પરંતુ બીજી વાર કેળા માંગતા લારીવાળાએ કેળા ન આપતા મુસ્લીમ શખ્સે લારીવાળાને બિભત્સ ગાળો બોલી પોતાની પાસે રહેલ અસ્ત્રા વડે હુમલો કર્યો હતો. અસ્ત્રાના બે-ત્રણ ઘા ઝીંકી લારીવાળાને લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી અને સ્થળ પરથી નાશી છુટ્યો હતો. ઈજાગ્રસ્ત રાજુભાઈને તુરંત સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાના પગલે સમગ્ર ભાખરીયા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આ ઘટનાને પગલે પ્રાંતિજ પોલીસે રાજુભાઈ વાઘેલાની ફરિયાદના આધારે આયુબમીયા હુસેન ખલીફા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરામાં ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન : તંત્ર સામે જન આક્રોશ



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વૃક્ષોનું ખુલ્લેઆમ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. જેથી ધાનેરાની સો મીલો ઉભરાઈ રહી છે. ધાનેરા વિસ્તારમાં આડેધડ બેફામ રીતે દરરોજ જંગલોમાં લીલા છમ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. જેથી વૃક્ષ પ્રેમીઓમાં રોષ ફેલાયો છે. સરકાર લાખો રૂપિયાના ખર્ચે વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો અભિયાન ચલાવી રહી છે. તો બીજી તરફ તંત્રના હપ્તા ખાઉ અધિકારીઓ હપ્તાની હાડમારીમાં વૃક્ષોનું નિકંદન કઢાવી રહ્યા છે. તેવી ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી ચુપચાપ તમાસો જોઈ રહ્યું છે જેની સામે વૃક્ષપ્રેમીઓ આવનાર સમયમાં વૃક્ષો બચાવ ઝુંબેશ હાથ ધરશે.

# પ્રાંતિજ જનસેવા કેન્દ્રની પ્રસંશનીય સેવાથી અરજદારો ખુશ ખુશાલ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ જનસેવા કેન્દ્રમાં જરૂરી પ્રમાણપત્રો મેળવવા આવતા અરજદારો માટે સેવાઓ ઝડપી બનાવવા અને કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવતા જનસેવા કેન્દ્રની પ્રશંસા થવા માંડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા ના પ્રાંતિજ ખાતે મામલતદાર કચેરીમાં તાલુકાના ખેડૂતો, વિદ્યાર્થીઓ વિધવા મહિલાઓ સહિત આમ નાગરિકોને રેશનીંગ કાર્ડ, નોન ક્રિમિલીયર ના દાખલા, જમીનના ઉતારા સહિતના પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તે માટે જનસેવા કેન્દ્ર ઉભું કરવામાં આવ્યું છે. જયાં વારંવાર અરજદારોને જરુરી અરજીઓને લઈ મુશ્કેલી વેઠવી પડતી હતી જેને લઈ મામલતદાર કચેરીના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ એ.એસ. ડોડિયા દ્વારા જરુરી પ્રમાણપત્રો મેળવવા આવતા અરજદારોની સેવાઓ ઝડપી બનાવવા અને સમય મર્યાદામાં અરજીનો નિકાલ કરી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીણામે અરજદારો રાહત અનુભવી રહ્યા છે અને જનસેવા કેન્દ્રની સેવાની પ્રશંસા કરી રહ્યા છે.

# અમદાવાદમાં સીલને ખોલી નાખનાર પાંચ વિરૂદ્ધ ફરિયાદ

## સામાન્ય નાગરિક સામે કડક કાર્યવાહી પણ માફિયાઓને છુટ : બિલ્ડર માફિયાનો આંતક હાલ સતત વધી રહ્યો છે

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓની મીલીભગતને કારણે કોર્પોરેશનના કામોમાં ગેરરીતીના બનાવમાં સતત વધારો થઈ ગયો છે. શહેરમાં બિલ્ડર માફિયાઓનો આતંક એટલી બધી હદે વધી ગયો છે કે તેઓ ગેરકાયદે બિલ્ડીંગને મારેલા સીલ પણ ખોલી નાંખે છે. જેમાં ગુરૂવારના રોજ જમાલપુર વિસ્તારમાં સીલ મારેલી ગેરકાયદેસર બાંધકામો કરનારાની મિલકતોની સીલ ખોલી નાંખનાર પાંચ લોકો સોમ ફરિયાદ નોંધાઈ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો પાસે બીપીએમસી એક્ટનું પાવરફુલ હથિયાર છે તેમ છતાં તેની કલમોનો ઉપયોગ ફક્ત સમાજના નબળા વર્ગ પર જ લગાવવામાં આવે છે જ્યારે બિલ્ડર માફિયાઓ રાજકીય પક્ષના સહારે કાયદાનો ભંગ કરી દે છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જમાલપુર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો કરનારની મિલકતો સીલ કરી દેવામાં આવી હતી. કોર્પોરેશનની મંજુરી વીના સીલ લગાવેલ મિલકતો બિંદાસ્ત ખોલી નાંખનારા પાંચ લોકો સામે એસ્ટેટ વિભાગના અધિકારીએ ગાયકવાડ હવેલી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતા દ્વારા થોડા દિવસે અગાઉ ખત્રીવાડ, હાજીબીબીનો ટેકરો, સોના રેસીડેન્સીની બાજુમાં અને મોટા બંબા ચોક પાસેના પાંચ મકાનોને સીલ કરી દીધા હતા. તા. ૯ જૂનના રોજ કાનૂની મંજુરી મેળવ્યા વગર કોર્પોરેશન દ્વારા કરેલા સીલ બિંદાસ્ત ખોલી નાંખ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીજી બાજુ બિલ્ડર માફિયાઓ દ્વારા ચાર-પાંચ માળ સુધીના બિલ્ડીંગ ગેરકાયદે બાંધી દે તો પણ બિલ્ડરોની પ્રવૃત્તિ સામે કોર્પોરેશન આંખ આડા કાન કરી દે છે. પરંતુ જો કોઈ સામાન્ય નાગરીક દ્વારા આવી જ કોઈ પ્રવૃત્તિ કરાય તો તેમની સામેથી દંડ વસુલાય છે અથવા તો ફરિયાદ નોંધાય છે. ગેરકાયદે બાંધકામ અને સિલિંગ ઝુંબેશને લઈને જોરદાર ફરિયાદો હાલમાં ઉઠી રહી છે.

## હવે ડિગ્નિટી ફાઉન્ડેશન સંસ્થા ટૂંકમાં સક્રિય થશે

અમદાવાદ, તા. ૨૬

૧૯ વર્ષોથી સીનિયર સિટિઝન્સ માટે કામ કરતી મુંબઈની સેવાકીય એનજીઓ સંસ્થા ડિગ્નિટી ફાઉન્ડેશનની અમદાવાદ શાખાનું ઉદઘાટન ૨૭ જૂન ૨૦૧૪ના રોજ શુક્રવારે સાંજે ૬:૦૦ થી ૮:૦૦ કલાકે જેબી ઓડિટેરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, અમદાવાદ ખાતે કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં આશરે પાંચ લાખથી વધુ વડિલો છે. અહીં ચેલ્લા થોડાક વર્ષોમાં ઘણી વૃદ્ધાશ્રમો ખુલ્યા છે તેમ છતાં આ વડીલોને માટે ઘણી ઓછી સવલતો છે જેથી તેઓ અર્થપૂર્ણ કામગીરી કરે અને સામાજીક ટેકાનો અનુભવ કરે. ડિગ્નિટી ફાઉન્ડેશનના પ્રમુખ અને સ્થાપક ડો. શીલુ શ્રીનીવાસને પત્રકારોને જણાવ્યું હતું કે આ સંસ્થા જે જે શહેરોમાં પ્રવૃત્ત છે ત્યાં ત્યાં વિવિધ વિષય ઉપર જરૂરી કાર્યક્રમો યોજે છે જેમાં સિનિટર સિટિઝન્સ માટે હેલ્પલાઈન, સહાયક વ્યવસ્થા તંત્ર, વડીલોની માનહાનિ અને અવગણનાને વાચા આપવા માટે, ડેમેન્શિયા કે કેર સેન્ટર જે દ્વારા આવા હતાશ વડીલો માટે સંજોગોની સામે લડવાની સારવાર, અને તેમની સારસંભાળ લેનારને સહાય આપવી. એકલતા દુર કરવાનું કેન્દ્રમાં એકલા પડી ગયેલા વડીલોને માટે ટેકારૂપ વ્યવસ્થા જે તેમને સક્રિય આનંદમય જીવન જીવવાનો અવસર આપે તેવું આયોજન કરવું.

# પ્રાંતિજ, હિંમતનગર, અમદાવાદ રૂટની બસોના સમયમાં ફેરફાર થતા મુસાફરોમાં રોષ

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ એસ.ટી. તંત્રની પ્રાંતિજથી હિંમતનગર તરફ અને સાબરડેરીથી અમદાવાદ તરફ જતી એક્સપ્રેસ બસોના રૂટના સમયમાં એકાએક ફેરફાર કરી દેવામાં આવ્યો છે જેના લીધે શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને નોકરીયાત મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

અમદાવાદ રતનપુર વાયા પ્રાંતિજ, બાલીસણા અમદાવાદ ઓરાણ ગામ, અમદાવાદ-ખેડબ્રહ્મા, અમદાવાદ ઝાંઝરી, અમદાવાદ બાલેરા વિજયનગર, અમદાવાદ-મુનાઈ, અમદાવાદ-કડી, અમદાવાદથી ઈડર વાયા પ્રાંતિજની તમામ રૂટની બસોના સાંજના સમયમાં પ્રાંતિજ એસ.ટી. તંત્ર દ્વારા એકાએક ફેરફાર કરી નાખવામાં આવ્યો છે. ડેપોમાંથી દોઢ કલાકમાં નવ બસ ઉપડે છે. જ્યારે તે પછી ૩ કલાકમાં માત્ર ત્રણ જ બસો ઉપડતા હિંમતનગર તરફ અને અમદાવાદ તરફ અવરજવર કરતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કલાકો સુધી બસોની રાહ જોતા-જોતાં ના છુટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનો વારો આવે છે. જ્યારે મુસાફરોએ આ મામલે લેખિતમાં એસ.ટી. તંત્રને ધ્યાન દોરી જૂના રૂટ અને સમય મુજબની બસો દોડાવવા માંગ કરવામાં આવી છે.

## ડ્રેનેજ કામનું ૫૧ ટકા ઓછા ભાવનું ટેન્ડર ભરાતા વિવાદ

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શુક્રવારના રોજ મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં અલગ-અલગ કામોની મંજુરી મેળવવા માટે દરખાસ્ત મુકવામાં આવી છે. જેમાં જશોદાનગર વોર્ડમાં ડ્રેનેજ નેટવર્કની સુવિધા પુરી પાડવા કામના કોન્ટ્રાક્ટરે અંદાજી ભાવથી ૫૧.૫૨ ટકા ઓછા ભાવનું ટેન્ડર ભરતા વિવાદ સર્જાયો છે.

# મોડાસા તાલુકાના ઈટાડી ગામથી ગઢા વાયા જામાના છાપરાનો રોડ પાકો બનાવવા માંગ ઉઠી

## વર્ષો પહેલા માટીકામ કરવામાં આવ્યું હતુ : સમયના વહેણમાં માટી પણ ધોવાઈ ગઈ

મુલોજ, તા. ૨૬

મોડાસા તાલુકામાં આવેલ ઈટાડીથી ગઢા વાયા જામાના છાપરા જવાનો રસ્તો કેટલાય સમયથી ઉબડખાબડ થઈ ગયો છે. રસ્તા પર વર્ષો પહેલા માટી કામ કરવામાં આવ્યું હતું. પરંતુ આ માટી પણ સમયના વહેણમાં તણાઈ જવા પામી છે. ત્યારે આ રસ્તાને પાકો ડામરનો રોડ બનાવવા માટે લોક માંગ ઉઠવા પામી છે.

મોડાસા તાલુકામાં આવેલુ ઈટાડી ગામ અંબાજી માતાનું ધામ તરીકે ઓળખાય છે. આજુ-બાજુના પંદરેક ગામોની આસ્થા અને શ્રદ્ધા આ મંદિર સાથે જોડાયેલી છે. તેથી ઈટાડી ગામમાં લોકોનો ઘસારો વધારે છે. ગામમાં આવવા માટેના રસ્તા સંપૂર્ણ રીતે તુટી ગયા છે. ત્યારે અહિંયા આવવા માટે પગપાળા યાત્રીઓને તકલીફોનો સામનો કરવો પડે છે. તેવા સમયે વાહનચાલકોનું તો પુછવુ જ શું?

અંબાજી માતાના દર્શન કરવા માટે આવતા શ્રદ્ધાળુઓ અને ગ્રામજનો માટે જો ઈટાડી થી ગઢા વાયા જામાના છાપરા વાળો રસ્તો પાકો બનાવવામાં આવે તો ઓછામાં ઓછી વીસ કિલોમીટરનું અંતર પાંચ કિલોમિટરમાં પુરૂ થઈ જાય. તેમજ હિંમતનગરથી ઈટાડીનો પાકો રોડ બનાવવામાં આવે તો ગ્રામજનોને બસ સુવિધા પણ મળી રહે.

અગાઉ અનેક વખત આ રોડ બાબતે રજુઆતો કરવામાં આવી છે. પણ તંત્રના બહેરા કાને વાત સંભળાતી નથી તેથી જો આવનાર સમયમાં આ રોડને પાકો કરવામાં નહિ આવે તો ગ્રામજનો દ્વારા આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે.

# નિકોડા પાસે સાડા ત્રણ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક નિકોડા ગામે બુધવારે મોડી સાંજે એક પર પ્રાંતીય ઈસમે સાડા ત્રણ વર્ષની બાળકીને લલચાવી લઈ જઈને તેની સાથે દુષ્કર્મ કરી નાસી જતા ગાંભોઈ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ આધારે એક શકમંદ વિરૂદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધી અલગ અલગ પોલીસ ટીમો બનાવી નાસી ગયેલ શકમંદ સામે તપાસ હાથ ધરી છે.

વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નિકોડાથી બાવસર માર્ગ પર આવેલ વીજ સબ સ્ટેશન પાસેની ખુલી જગ્યામાં મજુરીયાત વર્ગ કાચા છાપરા બાંધીને રહે છે. જ્યાં બુધવારની સાંજના સુમારે ઘર આગળ પોતાના બાળપણમાં રાચતી એક સાડા ત્રણ વર્ષની બાળકીને નરાધામ હવસખોર લલચાવી ફોસલાવી લઈ ગયો હતો. દરમિયાન ઘર આગળ રમતી બાળકી ના દેખાઈ તો પરિવાર અને આજુબાજુના પાડોશીઓ તેની શોધખોળમાં લાગી ગયા હતા અને નજીક આવેલી લોખંડની ફેક્ટરી તરફ શોધખોળ રૂ કરી હતી. એ દરમિયાન આ હવસખોર નરાધમે સાડા ત્રણ વર્ષની બાળકીને પીંખી નાખીને પરત ઘર આગળ ખાટલામાં મુકીને નાસી ગયો. તો બીજી તરફ શોધખોળ કરવા ગયેલ પરિવાર પરત ઘરે આવ્યો ત્યારે કુમળી બાળકીને ખાટલા પર બેભાન હાલમતાં જોતા માતા અને પિતા હેબતાઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયા હતા. જ્યાંથી હિંમતનગર સિવિલમાં બાળકીને લવાઈ હતી જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયેલ છે જે હાલ સારવાર હેઠળ છે અને ઓપરેશન કરવાની જરૂરિયાત હોવાનું જાણવા મળેલ છે. બનાવ અંગે પીડિત બાળકીના પિતાની ફરિયાદ આધારે ગાંભોઈ પોલીસે એક પરપ્રાંતીય શકમંદ વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે. જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાની અધ્યક્ષતામાં અલગ અલગ પોલીસ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ જિલ્લા પોલીસ વડાએ સ્થળ પર નિરીક્ષણ કર્યુ હતું. બનાવ સ્થળની આસપાસમાં આવેલી ફેક્ટરીમાં પોલીસે તપાસ હાથ ધરી હતી. તો બીજી તરફ બનાવ સ્થળ પાસે આવેલી અક્ષર ઈસ્પાત લીમીટેડ કંપનીમાં લોકલ ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી અને શકમંદ આ ફેક્ટરીમાં નોકરી કરતો હોય અને ત્યા જ રહેતો હોવાને લઈને નોકરી કરતા તમામ મજૂરોની પૂછપરછ હાથ ધરી હતી. જો કે શકમંદ ત્યાં હાજર નથી નાસી ગયો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના દિયોદર મુકામે શ્રી વી. કે. વાઘેલા હાઈસ્કુલમાં નશાબંધી અને આબકારી ખાતું પાલનપુર તથા નવજીવન વ્યસન મુક્તિ કેન્દ્ર અને પુનઃવસન કેન્દ્ર પાલનપુરના સંયુક્ત ઉપક્રમે તા.૨૬ મી જુન, આંતરરાષ્ટ્રીય નશીલા અને માદક પદાર્થ વિરોધી દિવસની ઉજવણી ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણી અંતર્ગત નશાબંધી રેલી અને વક્તૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ -સંગે -ાસંગિક -વચન કરતાં ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે જણાવ્યું હતું કે કોઈપણ નશો વ્યક્તિ અને સમાજ માટે બહુ મોટુ દુષણ છે. તે દુષણને દૂર કરવા આપણે સૌએ સાથે મળી સમાજમાં જાગૃતિ લાવવી પડશે. તેમણે કહ્યુ કે દરેક મનુષ્યમાં અખૂટ શક્તિનો ભંડાર હોય છે. માણસ પોતાની શક્તિઓને યોગ્ય રસ્તે વાળી રચનાત્મક કાર્યો કરે અને નશાના સેવનથી દૂર રહે તો ધાર્યા પરિણામો મેળવી ચોક્કસ દિશામાં -ગતિ કરે છે. તેમણે કહ્યુ કે માણસનું મન મક્કમ હોય તો તેને કોઈ વ્યસન અસર કરતુ નથી. સમાજનો દરેક વ્યક્તિ મક્કમતાપૂર્વક નિર્ધાર કરે કે હું ક્યારેય કોઈપણ જાતના માદક પદાર્થોને અડીસ નહીં અને તેનું સેવન કરીશ નહીં. તેવો દૃઢ સંકલ્પ કરે તો વ્યસનમુક્તિ અંગે સમાજમાં મોટી ક્રાન્તિ આવશે.

## પૂરક પરીક્ષાનું ફોર્મ ભરવાથી વંચિત આજે ફોર્મ ભરી શકશે

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૪માં લેવાનાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પરીક્ષા ફોર્મ ભરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ચુકી છે. ત્યારે જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં વંચિત રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે વધુ એક તક આપવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે જુલાઈ-૨૦૧૪માં પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ખેડબ્રહ્મા સેવા મંડળીના હોદેદારો ચૂંટાયા

ખેડબ્રહ્મા ગૃપ સેવા સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટિની બેઠક તાજેતરમાં અરવીંદભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં




મંડળીના ચેરમેન તરીકે શામળભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન તરીકે નટવરભાઈ ધુળાભાઈ પટેલ બિનહરિફ ચૂંટાઈ આવ્યા હતા. ચેરમેન તથા વાઈસ ચેરમેન બન્ને છેલ્લા ૧૪ વર્ષથી આ હોદા પર બિન હરિફ ચૂંટાતા આવ્યા છે. નવા ચૂંટાયેલા હોદેદારોને પાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ, ખરીદવેચાણ સંઘના ઉપપ્રમુખ મહેન્દ્ર પટેલ સહિત અન્ય ડિરેક્ટરોને બિરદાવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન